૧૫ દોષિતોની મૃત્યુદંડની સજા આજીવન કારાવાસમાં ફેરવાઈ



સુપ્રીમ કોર્ટનો વધુ એક ઐતિહાસિક આદેશ

નવી દિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ૧૫ અપરાધીઓની મોતની સજાને આજીવન કારાવાસમાં ફેરવી દીધી છે. પોતાના ઐતિહાસિક ચુકાદામાં દેશની સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે દયા અરજી પર નિર્ણય લેવામાં વિલંબ મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવા માટે પૂરતા આધાર તરીકે છે. સુપ્રીમ કોર્ટના આદેશથી મૃત્યુદંડનો સામનો કરી રહેલા ઘણા દોષિતોને રાહત મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ હતુકે માનસિકરૂપથી બિમાર થયેલા અને સ્કિઝોફ્રીનિયાથી ગ્રસ્ત કેદીઓને મૃત્યુદંડની સજા આપી શકાય નહીં. કોર્ટે દયાની અરજી ઉપર નિર્ણય લેવામાં વિલંબ થવાના પરિણામ સ્વરૂપે થોડાક સમય પહેલા માર્યા ગયેલા ચંદન ચોર વિરપ્પનના ચાર સાથીઓની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દયા અરજી ફગાવી દેવાના ૧૪ દિવસની અંદર દોષિતોને ફાંસીની સજા થઈ જવી જોઈએ. દયા અરજી દાખલ કરનાર દોષિતોના પરિવારના સભ્યોએ અરજીઓ ફગાવી દેવાની સૂચના રાષ્ટ્રપતિ અથવા તો રાજ્યપાલ દ્વારા આપવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે મૃત્યુદંડનો સામનો કરી રહેલા કેદી જો માનસિક રીતે અસ્વચ્છ છે તો તેને ફાંસી આપી શકાય નહીં અને તેમની સજા ઓછી કરીને આજીવન કારાવાસમાં ફેરવી શકાય છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે કેટલાક મહત્વપૂર્ણ તારણો આપ્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે મૃત્યુદંડનો સામનો કરી રહેલા અપરાધી અને અન્ય કેદીઓને એકાંતમાં રાખવાની બાબત બિન બંધારણીય છે. સુપ્રીમ કોર્ટે દયાની અરજીના સંદર્ભમાં પણ કેટલાક તારણો આપ્યા હતા. અને કહ્યું હતું કે તમામ અપરાધીઓ મફતમાં કાયદાકીય સલાહ લેવાનો અધિકાર ધરાવે છે.

દયાની અરજીનો મુસદો તૈયાર કરવા માટે કાયદાકીય મદદ લઈ શકાય છે. સાથે સાથે રિઝેક્શનને પડકાર પણ ફેંકી શકાય છે. આતંકવાદના કેસમાં અથવા તો એકથી વધુની હત્યા માટે અપરાધી ઠેરવવામાં આવેલા કોઈપણ શખસને દયાની અરજીઓને ફગાવી દેવાને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવાનો અધિકાર રહેલો છે. દયાની અરજી અંગે નિર્ણય લેવામાં વિલંબ થવાની સ્થિતિમાં પણ પડકાર ફેંકી શકાય છે. આ ચુકાદાથી કુખ્યાત અપરાધી દેવીન્દરપાલસિંહ ભુલ્લરને પણ ફાયદો થયો છે. ભુલ્લરે અગાઉ અરજી કરી હતી. બિનજરૂરી વિલંબ આતંકવાદના કેસમાં લાગુ પડશે નહીં તેવી સ્પષ્ટતા થઈ હતી.

સબસિડીવાળા સિલિન્ડરો વધારીને ૧૨ કરાશે

એલપીજી સિલિન્ડર મર્યાદા વધારવા અંગે ટૂંકમાં નિર્ણય

રાહુલ ગાંધીએ તીવ્ર રજુઆત કર્યા બાદ પેટ્રોલિયમ પ્રધાન ઉપર દબાણ : કેન્દ્રિય કેબિનેટ નોંધ તૈયાર કરવામાં આવી

નવી દિલ્હી,તા. ૨૧

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી એલપીજી મર્યાદાને વધારવા માટે જોરદાર ઝુંબેશ ચલાવી રહ્યા છે જેના ભાગરૂપે પેટ્રોલિયમ પ્રધાન એમ વીરપ્પા મોઈલી પર પણ હવે દબાણ વધી ગયુ છે. સબસિડીવાળા એલપીજી ક્વોટાને વધારવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ સપ્તાહની અંદર જ સબસિડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા નવથી વધારીને ૧૨ કરવામાં આવે તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે રાહુલ ગાંધી આ મુદ્દા પર ભાર મૂકી રહ્યા છે. નવ સિલિન્ડરો પૂરતા નથી તેવી વાત રાહુલ ગાંધીએ કર્યા બાદ ક્વોટાને વધારીને ૧૨ કરવા માટે કેબિનેટ નોંધ તૈયાર કરવામાં આવી છે. આ સપ્તાહમાં જ કેબિનેટ આ દરખાસ્ત પર વિચારણા કરે તેવી શક્યતા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલ પંપ પર પાંચ કિલોના એલપીજી સિલિન્ડરો આપવાની શરૂઆત થઈ ચુકી છે. ગાંધીએ એઆઈસીસીના સત્રમાં ગયા સપ્તાહમાં કહ્યુ હતુ કે એલપીજી સિલિન્ડરના ક્વોટામાં નવથી વધારીને ૧૨ કરવામાં આવે તે જરૂરી છે. મોઈલીનું કહેવુ છે કે ૧૫ કરોડ એલપીજી ગ્રાહકો પૈકીના ૮૯.૨ ટકા લોકો એક વર્ષમાં નવ સિલિન્ડરોનો ઉપયોગ કરે છે. માત્ર ૧૦ ટકા લોકો જ માર્કેટ કિંમતે વધારાની જરૂરિયાતોને પહોંચી વળવા ખરીદી કરે છે. જો ક્વોટાને વધારવામાં આવશે તો એલપીજી ગ્રાહકો પૈકીના ૯૭ ટકા ગ્રાહકોને સબસિડીવાળા એલપીજી હેઠળ આવરી લેવામાં આવશે. ક્વોટાને નવથી વધારીને ૧૨ કરવાની જાહેરાત આડે માત્ર ઔપચારિકતા બાકી રહી છે. સરકારે સૌથી પહેલા સપ્ટેમ્બર ૨૦૧૨માં ક્વોટાને ઘટાડીને છ કર્યો હતો પરંતુ ભારે હોબાળો થયા બાદ જાન્યુઆરી ૨૦૧૩માં આને વધારીને ૯ કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ભાવને ધ્યાનમાં લઈને એલપીજીની કિંમત નક્કી કરાય છે. પાટનગરમાં પાંચ કિલોના સિલિન્ડર શરૂઆતમાં ૧૮ પેટ્રોલ પંપ પર ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

એસસી-એસટીને ખાનગી ક્ષેત્રમાં અનામતનું કોંગ્રેસ વચન અપાશે

નવી દિલ્હી,તા. ૨૧

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે તમામ રાજકીય પક્ષો સામાન્ય લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. પાંચ રાજ્યોમાં હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ચારમાં કારમી હાર ખાધા બાદ કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ હવે સામાન્ય લોકોને વધુ પ્રભાવિત કરવાના હેતુસર તૈયારી હાથ ધરી છે. કોંગ્રેસ પાર્ટી લોકસભા ચૂંટણી ૨૦૧૪ના પોતાના ચૂંટણી ઢંઢેરામાં એસસી અને એસટીને પ્રાઈવેટ સેક્ટરમાં અનામતનું વચન આપી શકે છે. ચૂંટણી ઢંઢેરામાં લોઅર કાસ્ટના લોકોને કાયદો બનાવીને પ્રાઈવેટ સેક્ટરની નોકરીમાં અનામત અને પ્રાઈવેટ સ્કૂલોનો એડમિશનમાં ક્વોટા આપવાનું વચન આપનાર છે. પક્ષના ચૂંટણી ઢંઢેરાને તૈયાર કરવાની કામગીરીમાં લાગેલા કોંગ્રેસના બે નેતાઓએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં આ મુજબની વાત કરી હતી. કોંગ્રેસ પોતાના ઘોષણાપત્રમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂડીરોકાણ અથવા ૧૦૦૦થી વધુ લોકોને નોકરી આપનાર ખાનગી કંપનીઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે અનામત

આપવાનું વચન આપશે. કોંગ્રેસ પ્રાઈવેટ સ્કૂલોમાં ધોરણ ૧માં પ્રવેશ માટે રિઝર્વેશન, મેટ્રિક બાદ ફ્રી એજ્યુકેશન અને દરેક ગ્રેજ્યુએટને ૨૫ હજાર રૂપિયાના વાઉચર આપવાનું વચન આપી શકે છે. ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીના ફોટા રાખવામાં આવશે. તેમના હાલના ભાષણોથી સ્પષ્ટ થઈ રહ્યુ છે કે તેમની નજર લોકો પર કેન્દ્રિત થઈ ગઈ છે. ઘોષણાપત્રની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આને આગામી મહિનામાં જારી કરવામાં આવે તેવી શક્યતા છે. યુપીએના લોકો તરફથી કેટલાક વચનો પણ આપવામાં આવી રહ્યા છે. યુપીએ દ્વારા મહિતી પ્રસારણ અધિકાર, શિક્ષણના અધિકાર, ભોજનના અધિકારના કાયદા બનાવવામાં આવી ચુક્યા છે. ગયા સપ્તાહમાં જ રાહુલ ગાંધીએ તેમના વચનો લોકલક્ષી પણ હોઈ શકે છે. રાહુલે ગયા સપ્તાહમાં જ એક વર્ષમાં સબસિડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા નવથી વધારીને ૧૨ કરવાની માંગ કરી હતી. કોંગ્રેસે લાંબા સમયથી વોટ બેંક ગણાતી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને ટાર્ગે બનાવવા નવી યોજના તૈયાર કરી છે. રાજ્યના ટોચના લોકો, સિવિલ સોસાયટીના કાર્યકરો, ધારાસભ્યો અને સાંસદો સાથે વાતચીત કરીને આ મુદ્દો તૈયાર કર્યો છે. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને સત્તાવિરોધી લહેરનો સામનો કરવો પડી શકે છે. બસપ અને ભાજપ જેવા પક્ષો તરફ દલીતો અને અનુસૂચિત જનજાતિના લોકો ખેંચાઈ રહ્યા છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અનુસૂચિત જાતિ માટે ૯૧ અનામત બેઠકો પૈકી માત્ર છ બેઠકો જીતી સકી હતી જ્યારે ૨૦૦૮માં ૩૮ બેઠકો મળી હતી. કોંગ્રેસ માને છે કે શિક્ષણ, રોજગાર અને લોકોના જીવનધોરણને સુધારવાના મુદ્દા પર દલીતોના મત લઈ શકાય છે.

તેજી જારી : સેન્સેક્સ ૪૬ પોઈન્ટ સુધરીને બંધ રહ્યો

મુંબઈ,તા. ૨૧

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૬ પોઈન્ટ સુધરીને ૨૧૨૫૧ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેન્સેક્સ ૨૧૩૦૩ની ઉંચી સપાટીએ પણ પહોંચ્યો હતો પરંતુ અંતે આંશિકરીતે ઘટીને બંધ રહ્યો હતો. બેંકોના નેતૃત્વમાં બ્લુચીપના શેરમાં ફંડ દ્વારા લેવાલી યથાવતરીતે જારી રાખવામાં આવી હતી જેના પરિણામ સ્વરૂપે બેંચમાર્ક સેન્સેક્સમાં ઉછાળો નોંધાયો હતો. મજબુત વૈશ્વિક પ્રવાહ વચ્ચે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠક યોજનાર

છે. આ બેઠકમાં આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. અગાઉના સેશન્સમાં ૧૪૨ પોઈન્ટનો ઉછાળો નોંધાયા બાદ સેન્સેક્સમાં વધુ ૪૬ પોઈન્ટનો સુધારો થયો હતો અને નવી ઉંચી સપાટી જોવા મળી હતી. આવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ નીફ્ટીમાં ૧૦ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો જેથી તેની સપાટી ૬૩૧૪ની સપાટી જોવા મળી હતી. બ્રોકરોનું કહેવુ છે કે બજારમાં એકંદરે આશાસ્પદ સ્થિતિ પ્રવર્તી રહી છે. સરકારે હિન્દુસ્તાન ઝીંકમાં તેની હિસ્સેદારી વેચવાનો નિર્ણય કર્યો છે જેથી બજેટ ખાદ્યમાં ઘટાડો થઈ શકે. હિન્દુસ્તાન ઝીંકના શેરમાં ૦.૧૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ સરકારની હિસ્સેદારી વેચાણના નિર્ણયને લીલીઝંડી આપી હતી. આરબીઆઈની પોલીસી સમીક્ષા પણ હવે જારી કરવામાં આવનાર છે. ડિસઈન્વેસ્ટમેન્ટને લઈને ટાર્ગેટને પહોંચી વળવામાં સરકારને સફળતા હાથ લાગી નથી. આરબીઆઈ તેની સમીક્ષામાં ૨૮મી જાન્યુઆરીના દિવસે તેની સમીક્ષા બેઠકમાં પોલીસી રેટ યથાવત રાખે તેવી શક્યતા છે. ૩૦ સેન્સેક્સ શેરો પૈકી ૧૫ શેરમાં આજે તેજી રહી હતી. બેંકિંગ સેક્ટર ઈન્ડેક્સમાં સૌથી વધારે ૧.૫૫ ટકાનો જ્યારે ઓટો ઈન્ડેક્સમાં ૧.૦૩ ટકાનો તથા મેટલ ઈન્ડેક્સમાં ૦.૭૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૦.૬૪ ટકાનો સુધાર જોવા મળ્યો હતો.

સ્પાઈસ જેટ દ્વારા તમામ બુકિંગ ઉપર ૫૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફર

નવી દિલ્હી,તા. ૨૧

સનગ્રુપની માલિકીના લો કોસ્ટ એરલાઈન્સ સ્પાઈસ જેટે ત્રણ દિવસના ગાળા માટે બેઝ ભાડા પર ૫૦ ટકાના ડિસ્કાઉન્ટની આજે ઓફર કરી હતી. ટિકિટનું વેચાણ ૨૩મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ કરી લેવામાં આવશે. આ નવી સ્કીમ હેઠળ દિલ્હીથી મુંબઈનું ભાડુ ૨૮૩૦ રૂપિયા, દિલ્હીથી ગોવાનું ભાડુ ૩૩૫૫ રૂપિયા, બેંગ્લોરથી દિલ્હીનું ભાડુ ૩૪૪૪ રૂપિયા અને બેંગ્લોરથી મુંબઈનું ભાડુ ૧૯૦૨ રૂપિયા રાખવામાં આવ્યુ છે. પ્રવાસના દિવસથી ઓછામાં ઓછા ૩૦ દિવસ પહેલા બુક કરાવવામાં આવેલી ટિકિટ પર આ સુવિધા લાગુ પડશે. સનગ્રુપના ગ્રુપ સીએફઓ એસએલ નારાયણને કહ્યુ છે કે પ્રવાસીઓને વધુ લાભ આપવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. મુંબઈથી ચંદીગઢનું ભાડુ ૨૫૮૮ રૂપિયા રહેશે જ્યારે હૈદરાબાદથી જયપુરનું ભાડુ ૨૭૨૯ રૂપિયા રહેશે. સુપરસેલની સ્કીમ ૧૫મી એપ્રિલ ૨૦૧૪ સુધી અમલમાં રહેશે. એરલાઈનની વેબસાઈટમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે.

ભાજપ માટે ખૂબ જ રાહતજનક સમાચાર

બિહાર-ઝારખંડમાં મોદી લહેર : સર્વેક્ષણનું તારણ

નવી દિલ્હી,તા.૨૧

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વે ઉપર વિશ્વાસ કરવામાં આવે તો પીએમ પદ માટે દેશમાં નરેન્દ્ર મોદીની લહેર જોવા મળી રહી છે. બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઓરિસ્સામાં સામાન્ય લોકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. આના જણાવ્યા મુજબ બિહાર તથા ઝારખંડમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવશે. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ઓરિસ્સામાં બીજુ જનતાદળ આગળ રહે તેવી શક્યતા છે. લોકનીતિ-આઈબીએન દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે બિહારમાં ભાજપને ૧૬થી ૨૪ બેઠકો મળવાનો અંદાજ છે. જ્યારે જનતાદળ યુનાઈટેડને ૭થી ૧૩ બેઠકો મળવાનો અંદાજ છે. લાલુના આરજેડીને છથી ૧૦ બેઠકો મળી શકે છે. બિહારમાં



ભાજપની મત હિસ્સેદારી ૧૪ ટકાથી વધીને ૩૯ ટકા સુધી થઈ જવાનો સંકેત છે. જેડીયુ અને આરજેડીની મત હિસ્સેદારી ઘટી શકે છે. જેડીયુને ભાજપની સરખામણીમાં અડધા મત મળશે. લોકજન શક્તિ પાર્ટીની મત હિસ્સેદારી પાંચ ટકા ઘટી શકે છે. બિહારમાં ૩૯ ટકા લોકો નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવા ઈચ્છુક છે. જ્યારે રાહુલને નવ ટકા લોકો પીએમ તરીકે જોવા માગે છે. બિહારમાં નીતિશ કુમારને ૧૫ ટકા લોકો વડાપ્રધાન તરીકે જોવા માગે છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી આગળ દેખાઈ રહ્યા છે. તૃણમૂલને ૨૦થી ૨૮ બેઠકો જ્યારે ડાબેરીઓને સાતથી ૧૪ બેઠકો મળી શકે છે. કોંગ્રેસને પાંચથી નવ બેઠકો મળવાના સંકેત છે જ્યારે ભાજપને બે સીટો મળી શકે છે. મોદી ૧૮ ટકા લોકોના મત સાથે પીએમ પદે પ્રથમ પસંદગી છે. જ્યારે મમતાને પસંદ કરનાર લોકોની ટકાવારી ૧૧ ટકા જેટલી છે. ઓરિસ્સામાં ભાજપની મત હિસ્સેદારી ૧૭ટકાથી વધીને ૨૫ ટકા થઈ શકે છે. જ્યારે બીજેડીની મત હિસ્સેદારી ૪ ટકા અને કોંગ્રેસની મત હિસ્સેદારીમાં બે ટકાનો ઘટાડો થઈ શકે છે. એવો અંદાજ પણ છે કે અન્ય રાજકીય પક્ષોની સ્થિતિ નબળી રહેશે.

૨૮મી જૂનથી અમરનાથ યાત્રાની શરૂઆત થશે

અમરનાથ યાત્રા આ વર્ષે ૪૪ દિવસ સુધીની રહેશે

જમ્મુ,તા.૨૧

વાર્ષિક અમરનાથ યાત્રા માટેના કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. અમરનાથ યાત્રાની ૨૮મી જૂનના દિવસથી શરૂઆત થશે જેથી તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. અમરનાથ યાત્રા ૧૦મી ઓગસ્ટ સુધી ચાલશે. આ વર્ષે અમરનાથ યાત્રાની અવધિ ૪૪ દિવસ સુધીની રહેશે જે ગયા વર્ષની સરખામણીમાં ૧૦ દિવસ ઓછી છે. અમરનાથ શ્રાઈમ બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને અમરનાથ શ્રાઈન બોર્ડે ૪૪ દિવસની યાત્રાની અવધિ રાખવાનો નિર્ણય કર્યો છે. યાત્રામાં ભાગ લેવા ઈચ્છુક શ્રદ્ધાળુઓ માર્ચથી નોંધણી કરાવી શકશે. યાત્રા માર્ગ ઉપર પ્રવર્તમાન માળખાકીય સુવિધાઓને ધ્યાનમાં લઈને આ વખતે એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે દરરોજ માત્ર ૭૫૦૦ યાત્રીઓને જ આગળ વધાવની મંજૂરી આપવામાં આવશે. આમા હેલિકોપ્ટરથી પંજતારીની સુધી જતાં શ્રદ્ધાળુઓના નામનો ઉલ્લેખ કરાયો નથી. યાત્રામાં ભાગ લેવા ઈચ્છુક શ્રદ્ધાળુઓની નોંધણીની પ્રક્રિયા માર્ચથી શરૂ કરાશે.

જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ અને બોર્ડના પ્રમુખ એનએન વ્હોરાના નેતૃત્વમાં મળેલી બેઠક ત્રણ કલાક સુધી ચાલી હતી જેમાં આ નિર્ણય લેવાયો હતો. છડી મુબારકની સ્થાપનાની સાથે જ અમરનાથ યાત્રા પરિપૂર્ણ થશે.

કૈલાસ માનસરોવર યાત્રાને લઈ હજુ ભારે અનિશ્ચિતતા

દહેરાદૂન,તા.૨૧

કૈલાસ માનસરોવરની યાત્રા શરૂ થવા આડે થોડાક મહિનાઓ બાકી રહી ગયા છે પરંતુ આ યાત્રાને લઈને ઊભી થયેલી અનિશ્ચિતતાઓ દૂર થઈ રહી નથી. વિદેશ મંત્રાલય-ઓર્ગેનાઈઝડ યાત્રા માટે નોડલ એજન્સી તરીકે કામ કરનાર કુમાવ મંડળ વિકાસ નિગમે યાત્રાના રૂટને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. આ વર્ષે ઉત્તરાખંડ મારફતે રૂટ આગળ વધે તેવી વાત ચાલી રહી છે. આ વર્ષે આઠમી જૂનના દિવસથી કૈલાસ માનસરોવરની યાત્રા શરૂ થવા જઈ રહી છે પરંતુ ગયા વર્ષે વિનાશકારી પૂરના પરિણામ સ્વરૂપે કૈલાસ માનસરોવરની યાત્રાને રૂટને ભારે નુકસાન થયું હતું જેના પરિણામ સ્વરૂપે યાત્રા અગાઉ મોકૂફ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં આ વખતે સમારકામ ધીમી ગતીએ ચાલી રહ્યું છે જેથી કૈલાસ માનસરોવરની યાત્રા શરૂ થાય તે પહેલાં જ આ રૂટ તૈયાર થઈ જશે કે કેમ તેને લઈને ભારે અસમંજસની સ્થિતિ રહેલી છે. કુમાવ કૈલાસ માનસરોવર યાત્રાના જનરલ મેનેજર સીરીષકુમારે જણાવ્યું છે કે અમને આશા છે કે મુખ્ય રૂટને યાત્રાની શરૂઆત પહેલાં ખોલી દેવામાં આવશે. જો કે તેમણે કહ્યું હતું કે બે વૈકલ્પિક રૂટ ઉપર પણ ચર્ચા ચાલી રહી છે. આ વર્ષે બેક અપ પ્લાનની પણ તૈયારી છે. જો કે સૂત્રોએ કહ્યું છે કે વૈકલ્પિક રૂટ ખૂબ જોખમી હોઈ શકે છે અને શ્રદ્ધાળુઓ માટે બિનસુરક્ષિત પણ હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે યાત્રા દાનીયા, અલમોડા, પિથોરાગઢ, ધરમચુલા, તવાઘાટ, નારાયણ આશ્રમ મારફતે પસાર થાય છે. ધારચુલા અને નારાયણ આશ્રમ વચ્ચેના પટ્ટા ઉપર તાજેતરમાં જ પૂરના કારણે ભારે નુકસાન થયા બાદ રિપેરીંગ કામગીરી ચાલી રહી છે. જ્યારે ધરમચુલા અને નારાયણ આશ્રમ વચ્ચે કંચઓટી ગામ ઉપરના ૬૦ મીટર લાંબા રોડબ્રિજ ઉપર પણ કામગીરી ચાલી રહી છે. બીજી બાજુ તવાઘાટ નજીકના વિસ્તારમાં ગયા વર્ષે પૂરથી ભારે નુકસાન થયું હતું. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) અને પીડબલ્યુડીના અધિકારીઓ ભારત-તિબેટ સરહદી પોલીસની સાથે આ વિસ્તારમાં નિર્માણ કામગીરીમાં વ્યસ્ત છે. આ યોજનાને ઝડપથી પૂર્ણ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. પૂરમાં તણાઈ ગયેલા બ્રિજની જગ્યાએ ૧૨૪ મીટર લાંબા રોડબ્રિજના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. જો કે પ્રોજેક્ટના ઘણા ભાગો હજુ પણ પેન્ડીંગ રહેલા છે. વૈકલ્પિક રૂટ ઉપર વિચારણા ચાલી રહી છેજે તવાઘાટથી શિરખા વચ્ચેનો રહેશે. પ્રથમ અને બીજા ભારતીય બેઝ કેમ્પ તરીકે આને ગણવામાં આવે છે. વિદેશ મંત્રાલય દ્વારા યાત્રાની તારીખોની જાહેરાત કરવામાં આવી ચૂકી છે જેથી રાજ્ય સરકાર ઉપર રિપેરીંગ કામગીરીને ઝડપી બનાવવા દબાણ વધુ ગયું છે. કૈલાસ-માનસરોવર યાત્રા ભારતીય શ્રદ્ધાળુઓ માટે હમેશા ખૂબ મહત્વપૂર્ણ રહી છે.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

આમ કહેતા અભિનવ ઊભો થાય છે. વલસાડી સાગના લાકડામાંથી બનાવેલ બારમાંથી 'ઓફિસર ચોઇસ'ની બોટલ કાઢે છે. બે લાર્જ પેગ બનાવી ઊભો ઊભો જ પી જાય છે. આ તરફ અરીસાની સામે ત્રીજી વાતની રાહ જોતી અંજલી કંઇક બેચેની અનુભવે છે. ઓરડામાં ઉભરતા મ્યુટ ટી.વી.ના કાળા, પીળા, વાદળી, લીલા, લાલ રંગ આછા પ્રકાશમાં કોઇ રંગમંચનો આભાસ ઊભો કરે છે. અભિનવ એ રંગોની સાથે લડતો કોઇ પ્રોફેશનલની માફક બોલવા લાગે છે. અંજલી તેને દારૂડીયાની માફક સાંભળવા લાગે છે. 'આજે રાજકુંવર મળ્યો હતો. કુંવર તપ્તસિંહ ભાવનગરનો મારો મિત્ર. તે હમણાં એક અખબાર ચલાવે છે. એક સાથે એક સમાચાર ચેનલ સાથે પણ જોડાયેલો છે. તને તો ખબર જ છે કે તેણે આ વાત બહાર લાવી. કહેતા અભિનવ પોતાના કોલર અડે છે. મેં ભાવનગર ભણતો હતો ત્યારે મારી સાથે ભણતી રોમાને મારી વાસનાનો શિકાર બનાવી હતી. જેનાથી તે પ્રેગનેન્ટ થઇ ગયેલી. ત્યારે મેં જ તેનો ગર્ભવાત કરાવ્યો હતો. અને બદનામી તેમજ મુશ્કેલી આવવાના ભયથી ભાવનગર છોડી મુંબઇ આવી ગયો હતો. તું તો બધું જાણે જ છે...'

'હવે કુંરવ તપ્તસિંહ કહે છે કે ઘણા લોકોને તો ઘટનાની જાણ મોડી થઇ તેથી તે લોકો કરી પણ શું શકે?' અને મીડીયા એ સમયે એવું પાવરફુલ નહોતું. ઉપરથી છોકરીના લગ્ન પણ છાની રીતે થઇ ગયા. કોણ જાણે ક્યાં? પણ તેના કહેવા મુજબ હવે હું બચી શકું તેમ નથી.'

અંજલીને એમ લાગ્યું કે જાણે પોતે લેબમાં ઉભી રહી ક્લોરોફોમ આપવા અંગેનું વ્યાખ્યાન સાંભળી રહી છે. તેના પર સુનકાર છવાય છે. તે તેને તોડવા માંગે છે પણ જાણે કે અભિનવ તેની પર વળ ખાઇને ઊંઘો ઢળી પડે છે. 'તો... તો... કુંરવ તપ્તસિંહ છેલ્લા ત્રણ મહિનામાં બે વાર ફોન કરી મને ધમકાવી ચુક્યો છે કે છોકરી મળી ગઇ છે તે કહેતો હતો કે બહુ જલ્દી તેનું 'આ ઓપરેશન કાયમાબ થશે અને એ લોકો મને પ્રિમેચ્યોર અનલિગલ પ્રેગનેન્સીના કેસમાં પકડાવી દેશે.'

(ક્રમશ:)

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

ક્યારેક આ બંને મન એકબીજા સાથે હાથ મિલાવીને આવે છે. આપણને જિંદગી જીવવા સાચવતાં હોય છે અને આપણાં વર્તનને દિશા આપતાં હોય છે.

બુદ્ધિને કેટલીક વાતો સમજાવી હોય છે, એની સમજદારી, તાર્કિકતા અને વાતોના વિશ્લેષણથી એનું પરિણામ સ્પષ્ટ દેખાય છે, પછી એ કેટલુંય ભયાનક હોય તોય એને સ્વીકારી શકાય છે. પણ ભાવનાશાળી કેટલીક વાતોનો સ્વીકાર કરતાં વાર લાગે છે. બુદ્ધિને જે ગમે છે તે સહજતાથી સ્વીકારાય છે જ્યારે લાગણીની પાયા પરની વસ્તુને સમજતાં, પચાવતાં અને સ્વીકારતાં ત્રાસ થાય છે. (કોઈ પ્રેમી, સગો કે મિત્ર દિલ તોડે ત્યારે...)

ઑકે, કમીંગ બેક ટુ પોઈન્ટ, દિલ ઔર દિમાગ કા ઝઘડા હોતા હૈ તો કિસકી સુનની ચાહિયે? પ્રેક્ટીકલ થવાનું કે ઈમોશનલ થવાનું? મનનું માનવું કે મગજનું? કૌન બડા દિલ કે દિમાગ? તમને સાચું કહું આ ઝઘડો છોડાવવાનો પ્રયત્ન તો આપણને બધાંને જ કરવો પડે એ છે. લાગણીઓને સમજી લઈને સંબંધો જોડાવાનો પ્રયત્ન કર્યો તો બધું જામવા લાગે છે. પ્રેક્ટીકલ કે ઈમોશનલ તમારો પેટર્ન કયો? તમે તમારી સાથે બનતાં કિસ્સા યાદ કરો તમને શેનાથી ત્રાસ થયો એનો વિચાર કરો. ધીમે ધીમે તમને ખબર પડવા લાગશે કે તમને પ્રેક્ટીકલ કે ઈમોશનલ? કયો માર્ગ પ્રગતિકારક છે.

મનાલીએ તો બુદ્ધિનું માન્યું અને ભવિષ્યનો સુખી સંસાર જોવા ભાવનાઓની ભૂલભૂલામણીમાંથી બહાર નીકળી પ્રેક્ટીકલ બની પ્રમની વાત પર પડદો પાડી દીધો, પ્રેમને પતિ બનાવી પતી જવા કરતાં પતિને પ્રેમી બનાવી પ્રેમ કરવામાં ડહાપણ માન્યું...

ચૂંટલો :

પ્રેક્ટીકલ કે ઈમોશનલ? દિલ કે દિમાગ? નો એક લાઈનમાં જવાબ એટલો જ કે પત્ની જ્યારે કોઈ વાતનો વિચાર પિયર માટે કરે ત્યારે ભાવનાથી ચાલનારૂં મન અને સાસરાંનો વિચાર કરે ત્યારે બુદ્ધિથી ચાલનારૂં મન કામ કરતું હોય છે.